અનુભવાય છે, પણ જ્યારે શબ્દના અનિત્ય પાસાનો વિચાર કરીએ ત્યારે તો તે અનિત્ય પદાર્થની ઉત્પત્તિ નિષ્પત્તિ પણ થઈ શકે. એટલે સ્યાદ્વાદના નિયમ પ્રમાણે નિત્ય શબ્દની માત્ર જ્ઞપ્તિ જાણવી અને અનિત્ય શબ્દની માત્ર નિષ્પત્તિ – ઉત્પત્તિ જાણવી – એવો વિચાર આચાર્ય હેમચંદ્રને સંમત છે અને પ્રસ્તુત શબ્દાનુશાસન શબ્દોનું જ્ઞાન મેળવવામાં તથા શબ્દની નિષ્પત્તિ કરવામાં પણ સાધનરૂપ છે. અર્થાત્ સ્યાદ્વાદના ધોરણને ધ્યાનમાં રાખીને જ્યારે શબ્દોને નિત્ય માનીએ ત્યારે આ શબ્દાનુશાસન દ્વારા શબ્દોનું માત્ર જ્ઞાન મેળવવાનું છે અને જ્યારે શબ્દોને અનિત્ય માનીએ ત્યારે આ શાસ્ત્ર દ્વારા જ તેમને નિપજાવીને તેમનો વ્યાવહારિક ઉપયોગ કરવાનો છે.

## लोकात् ॥१।१।३॥

આ શાસ્ત્રમાં શબ્દોને લગતી ઘણી ખાસ ખાસ બાબતો બતાવવા પ્રયત્ન કરવાના હોવાથી પણ તે બાબતો એટલી બધી વધારે છે કે તે બધીને અહીં કહેવી અશક્ય છે માટે શબ્દોને લગતી જે કેટલીક લોક-પ્રસિદ્ધ બાબતોને – અહીં ન કહી હોય તે બધીને – લોક પાસેથી સમજી લેવાની છે. 'લોક'નો અર્થ ખાસ અર્થ છે. વ્યાકરણના મોટા મોટા પંડિતો, ન્યાય તથા અલંકારશાસ્ત્રના વિદ્વાનો, સામુદ્રિક, જ્યોતિષ, ગણિત, છંદ વગેરે સંબંધી બીજાં અનેક શાસ્ત્રોના શિષ્ટો તથા લોકમાં જેઓ શાણા, ચતુર અને પ્રતિભાવાન ગણાય છે તે તમામને અહીં 'લોક' શબ્દના અર્થમાં સમાવીએ છીએ.

આ શાસ્ત્રમાં કેટલીક સંજ્ઞાઓ, કેટલીક પરિભાષાઓ, કેટલાક ન્યાયો તથા બીજી કેટલીક ઉપયોગી બાબતોનું સ્વરૂપ કહેવું રહી ગયું છે, તો આ સૂત્ર ઉપર જણાવેલ લોક પાસેથી જાણી લેવાનું છે અને વર્ણોનો એટલે કે સ્વર તથા વ્યંજનનો સમામ્નાય પણ લોકો પાસેથી જાણી લેવો.

**સંજ્ઞાઓનાં વિધાન—**

## औदन्ताः स्वराः ॥१।१।४॥

જેમને છેડે औ આવેલ હોય તે બધાની स्वर સંજ્ઞા સમજવી.

**પ્રશ્ન**—कौ, चौ, टौ વગેરેમાં क्, च् અને ट ને છેડે પણ औ આવેલ છે, તો શું क्, च् અને ट् ની પણ स्वर સંજ્ઞા સમજવી?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તર—લોકમાં क्, च् અને ड् ની સ્વરસંજ્ઞા નથી, પણ વ્યંજન સંજ્ઞા છે તેથી લોકમાં अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ॠ, ऌ, ॡ, ए, ऐ, ओ, औ—આ ચૌદ અક્ષરોની જ 'સ્વર' સંજ્ઞા પ્રચલિત છે માટે લોકને અનુસરીને આ શાસ્ત્રમાં પણ अ કારથી માંડીને औ સુધીના અક્ષરોને જ સ્વર રૂપે સમજવાના છે, પણ क् વગેરેને સ્વર રૂપે કદી પણ સમજવા નહીં. આ સૂત્રમાં औत् એ શબ્દમાં औ ને છેડે त् મૂકેલો છે તે તો માત્ર ઉચ્ચારણ માટે સમજવાનો છે, બીજું કોઈ તેનું પ્રયોજન નથી. આગળ જ બીજે પણ સમજી લેવું.

## एक-द्वि-त्रिमात्रा ह्रस्व-दीर्घ-प्लुताः ।१।१।५।

ઉપરના ચોથા સૂત્ર દ્વારા જેમને સ્વરરૂપે જાણ્યા છે, તે તેમાંના એક એક સ્વરના ત્રણ ત્રણ કે બે બે પ્રકાર છે. તે બાબતને આ સૂત્ર જણાવે છે.

જે ૧ હ્રસ્વ, ૨ દીર્ઘ અને ૩ પ્લુત એવા ત્રણ પ્રકારો છે.

૧. જે સ્વરને બોલતાં એક માત્રા જેટલો સમય લાગે તે સ્વરને 'હ્રસ્વ' સમજવો.

૨. જેને બોલતાં બે માત્રા જેટલો સમય લાગે તેને 'દીર્ઘ' સમજવો.

૩. જેને બોલતાં ત્રણ માત્રા જેટલો સમય લાગે તેને 'પ્લુત' સમજવો.

પ્ર૦—માત્રા એ શું છે?

ઉ૦—કાળના અમુક માપને 'માત્રા' સમજવી. સાધારણ રીતે આપણે એકવાર ઉઘાડીએ અને મીંચીએ—એમ કરવામાં જેટલો સમય લાગે તેટલા સમયનું નામ 'માત્રા' છે.

अ, इ, उ, ऋ, ऌ—એમને બોલતાં એક માત્રા જેટલો સમય લાગે છે માટે તેમને 'હ્રસ્વ' સમજવા.

आ, ई, ऊ, ॠ, ॡ, ए, ऐ, ओ, औ—એ પ્રત્યેક સ્વરને બોલતાં બે માત્રા જેટલો સમય લાગે છે માટે તેમને 'દીર્ઘ' સમજવા.

अ३, इ३, उ३ વગેરેને બોલતાં ત્રણ માત્રા જેટલો સમય લાગે છે માટે તેમને 'પ્લુત' સમજવા.

લોકમાં પણ હ્રસ્વ—ટૂંકું, દીર્ઘ—લાંબું એ અર્થો પ્રસિદ્ધ છે. 'પ્લુત' શબ્દ આમ જનતામાં જાણીતો નથી, પંડિત લોકોમાં જાણીતો છે, પણ પ્લુત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org